તા-૨૭.૦૪.૨૦૨૫

દિવ્ય ભાસ્કર, પાના નં ૦૬

# આજથી સચિવાલય સવારે 7.26થી સાંજે 7.30 સુધી મેટ્રો દોડશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

શહેરમાં દોડતી મેટ્રો ટ્રેન સેવા 27 એપ્રિલથી સચિવાલય સુધી દોડાવવામાં આવશે. તેની સાથે જ મોટેરાથી ગાંધીનગર તરફ મેટ્રોની ફ્રિકવન્સી વધારાઈ છે. હવે મોટેરથી સચિવાલય તરફ જવા માટે પહેલી મેટ્રો સવારે 7:26 વાગ્યાથી શરૂ થશે અને સાંજે 7:30 વાગ્યા સુધી મેટ્રોનું સંચાલન કરવામાં આવશે.

મેટ્રોમાં પેસેન્જરની સંખ્યા વધતા આગામી દિવસોમાં મેટ્રોની ફ્રિકવન્સી વધારવામાં આવશે. એ જ રીતે 27 એપ્રિલથી જ મોટેરાથી આગળ કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ અને કોબા સર્કલ સ્ટેશનોની કામગીરી પણ પૂર્ણ થતા આ સ્ટેશનો પણ હવે લોકોની અવર-જવર માટે ખુલ્લા મુકવામાં આવશે. અમદાવાદ સચિવાલય જતાં 3 હજાર કર્મચારીઓને ફાયદો થશે.